ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# રસ્તાઓના રિસરફેસીંગ માટે ૧૫૮ જોબ નંબર અપાયા છે

**છેલ્લા બે વર્ષમાં ૯૯૭ કુટિર ઉદ્યોગને સહાય મંજૂર કરવામાં આવી છે, આર.ટી.ઓ. કચેરીમાં હાલ ૨૧ જગ્યાઓ ખાલી છે : વાહન-વ્યવહાર મંત્રી**

ગાંધીનગર, તા. ૯

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં માર્ગ-મકાન, કુટિર-ઉદ્યોગ, શ્રમ રોજગાર, પંચાયત અને કલ્પસર વિભાગની પ્રશ્નોત્તરી નિયત થઈ હતી જેમાં ગાંધીનગર જિલ્લાને લગતા નવથી વધુ પ્રશ્નો રજુ થયા હતા.

● **રસ્તા રિસરફેસીંગની કામગીરી**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં રસ્તા રિસરફેસીંગની કામગીરી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં રસ્તાઓની ડામર પેવર સપાટી રીસરફેસીંગ કામગીરી કરવા સારૂ ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ સુધીમાં ૧૫૩ અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૫ જોબ નંબર આપવામાં આવેલ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

આ પૈકી ૩૬ કામ પૂર્ણ થયા છે. હાલ ૧૦૬ કામો પ્રગતિ હેઠળ છે. કામો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે તેમ પણ મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

● **કિસાન કલ્પ-વૃક્ષ યોજના**

દહેગામના ભાજપના બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં કિસાન કલ્પ વૃક્ષ યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સહકારમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દહેગામ બજાર સમિતિને કિસાન કલ્પ વૃક્ષ યોજના અંતર્ગત રૂ. ૧૯.૫૫ લાખની રકમ મંજૂર કરી અને તે ચૂકવી આપવામાં આવી છે.

● **ગાંધીનગરના અસરગ્રસ્તોને જમીન**

ગાંધીનગર બનાવવામાં જમીન વિસ્થાપિતોને જમીન આપવા અંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાનમંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ૩૧-૧-૨૨ની સ્થિતિએ એક વિસ્થાપિતને જમીન ફાળવણી કરવામાં નથી આવી.

તેમણે જણાવ્યુ છે કે જમીન ફાળવણી અંગે હુકમો થયા હોવા છતાં આ અંગે ફાળવણી થઈ શકી નથી કારણ કે આખી બાબત વહીવટીય પ્રક્રિયા હેઠળ છે. આ વહીવટીય કામગીરી પૂર્ણ થયેથી જમીન ફાળવણી કરવામાં આવશે.

● **આર.ટી.ઓ. કચેરીની મંજૂર જગ્યાઓ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીના મંજૂર મહેકમ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૩૧-૧-૨૧ની સ્થિતિએ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની ૫૨ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં વાહન-વ્યવહારમંત્રીએ જણાવ્યું છે કે મંજૂર થયેલ મહેકમ સામે હાલ ૨૧ જગ્યા ખાલી છે.

તેમણે જણાવ્યુ છે કે જી.પી.એસ.સી. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. સરકારી વહીવટમાં ભરતીની સતત પ્રક્રિયા ચાલતી હોય આ જગ્યાઓ પણ ભરી દેવામાં આવશે.

● **નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા**

ભાજપના શંભુજી ઠાકોર અને બલરાજસિંહ ચૌહાણે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયતમંત્રી જણાવ્યું છે કે બે જગ્યાઓ મંજૂર થયેલ છે અને બન્ને જગ્યાઓ ભરી દેવામાં આવેલ છે.

● **શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો**

ગાંધીનગર (ઉ)ના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ-રોજગારમંત્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૪૬૯૩ શિક્ષિત અને ૭૩૦ અર્ધ શિક્ષિત બેરોજગારો મળી ૫૪૨૩ બેરોજગારો નોંધાયેલા છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૧૦,૮૦૫ નોંધાયેલ રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિયમ કચેરી ગાંધીનગર મારફત ૨૯ રોજગારવાંચ્છુઓને સરકારી અને ૧૦૭૭૬ ને ખાનગી રોજગારી આપવામાં આવેલ છે.

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે અને અન્ય સરકારી ભરતીનો સમાવેશ થતો નથી તેમ પણ તેમણે જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૧ જીમખાના સ્ટેડિયમને મોટેરાની જેમ આઈકોનિક બનાવાશે

**બીજા તબક્કાની કામગીરી અન્વયે બે બ્લોક , પેવેલિયનની બેઠક વ્યવસ્થા , કોમેન્ટ્રી બોક્ષ, એમ્પાયર તેમજ ખેલાડીઓ માટે રૂમ બનશે : છેલ્લા પાંચ વર્ષથી સ્ટેડિયમ બંધ : ટુર્નામેન્ટનુ કરવાનુ પણ સ્થાનિકો માટે વધુ ખર્ચાળ બન્યુ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનના નવિનીકરણને અનુલક્ષી આગામી દિવસોમાં બીજા તબક્કાની કામગીરી હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં ક્રીકેટ પીચ, સ્ટેડીયમ અને પ્રેકટીસ એરિયા તૈયાર કરવામાં આવ્યો હતો. જયારે હવે સ્ટેડિયમને અનુલક્ષી નોર્થ અને સાઉથ બ્લોકનુ કામ હાથ ધરાશે જે અન્વયે સ્ટેડિયમની પેવેલિયન બેઠક કોમેન્ટ્રી બોક્ષ , એમ્પાયર રૂમ અને ખેલાડીઓ માટે રૂમ પણ તૈયાર કરાશે. આ ઉપરાંત ડ્રોઈંગ , સીટીંગ અને ઓપન એરિયા તૈયાર કરવાનુ પણ કામ હાથ ધરાશે. મોટેરાની જેમ પરંતુ પ્રમાણમાં નાના પાયે સ્ટેડિયમને તમામ સુવિધાથી સજ્જ કરાશે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૪૫ કરોડનો ખર્ચ કરાશે.

શહેરમાં સે-૨૧ સ્થિત જીમખાના ક્રિકેટ મેદાનને અનુલક્ષી નવિનીકરણની યોજના હાથ ધરવામાં આવી છે. જો કે પ્રથમ તબક્કાની કામગીરીના અંતે લાંબા સમયથી ક્રીકેટ સ્ટેડિયમનુ કામ બંધ છે. કોરોના કાળમાં પણ બે વર્ષથી આ મામલે કોઈ નવુ આયોજન થઈ શક્યુ નથી. જયારે પ્રથમ તબક્કામા અંદાજિત રૂ ૨૫ કરોડના ખર્ચે સ્ટેડિયમનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેમાં ક્રીકેટ મેદાનની પીચ , અને પાંચ બ્લોક તૈયાર કરાયા છે. આ ઉપરાંત પ્રેકટીસ એરિયા પણ તૈયાર કરી દેવાયો છે. જો કે છેલ્લા ચાર વર્ષના અંતે પણ ક્રીકેટ સ્ટેડીયમનુ કામ પુર્ણ થયુ નથી અલબત્ત પ્રથમ તબક્કાની કામગીરીના અંતે બીજા તબક્કાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. બીજા તબક્કામાં હવે નોર્થ અને સાઉથ બ્લોકનુ કામ હાથ ધરાશે જેમાં સ્ટેડીયમમાં શ્રોતાઓ માટે સૌથી મોંઘી બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે. આ ઉપરાંત એમ્પાયર રૂમ, કોમેન્ટ્રી બોક્ષ , ખેલાડીઓ માટેના બે ગ્રીન રૂમ તેમજ એ સી ડાઈનીંગ અને સીટીંગ રૂમ પણ તૈયાર કરવામાં આવશે. અમદાવાદના મોટેરાની જેમ આ સ્ટેડિયમને સુવિધાયુકત બનાવાશે.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં પાણીજન્ય રોગચાળાના વધુ ૧૧૧ કેસ

**કલેક્ટર આર્યએ કલોલના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી : ૨૦ દર્દી સારવાર હેઠળ, ઈએસઆઈએસને સારવાર માટે ડેઝીગ્નેટ કરવામાં આવી**

ગાંધીનગર, તા. ૯

કલોલ શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી શરૂ થયેલો પાણીજન્ય રોગચાળો આજે વકર્યો છે અને ૧૧૧ નવા કેસ નોંધાયા છે.

તંત્રએ આજે ઈએસઆઈએસ હોસ્પિટલને ડેઝીગ્નેટેડ હોસ્પિટલ પણ જાહેર કરી દર્દીઓની સારવાર કરવા જણાવ્યુ છે. આજે કલોલમાં વકરતા જતા પાણીજન્ય રોગચાળાને લઈ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય કલોલ પહોંચ્યા હતા. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોની તેમજ સારવાર માટે દાખલ કરાયેલા દર્દીઓની ખબરઅંતરની પૃચ્છા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે અસરગ્રસ્ત વિસ્તારમાં વધુ ૩ પાણીના લિકેજ મળી આવ્યા છે. નગરપાલિકા તંત્ર દ્વારા તેને દુરસ્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોલેરા નહિ હોવાનું સેમ્પલોના તારણમાં સ્પષ્ટ થયું છે. આરોગ્યતંત્રએ સુપર ક્લોરીનેશનવાળુ પેયજળ આપવા પણ નગરપાલિકાને જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે પાણીના લેવાયેલ નમૂનામાંથી પાંચ નમૂનામાં પાણી પીવા લાયક જણાયુ ન હોવાથી આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે. આરોગ્યતંત્રએ ૬૯૫૬ ઘરોમાં રહેતી ૧૨,૨૨૩ જેટલી વસ્તીને આવરી લઈ સર્વેની કામગીરી સંપન્ન કરી છે.

સીએચસી કલોલ ખાતે બાળરોગ નિષ્ણાત અને ફિજીશ્યનની સેવાઓ મળી રહે તે માટે પણ આરોગ્યતંત્રએ કાર્યવાહી કરી છે. આ ઉપરાતં સમગ્ર શહેરમાં ખાણી-પીણીની લારીઓ બંધ રાખવાના આદેશ આપતા નગરપાલિકાને જણાવવામાં આવ્યુ છે.

ઝાડા-ઉલ્ટીના આ રોગચાળામાં આજે પણ ૨૦ દર્દીઓ ઈન્ડોર દર્દી તરીકે દાખલ છે. જે પૈકી ૩ ગાંધીનગર સિવિલમાં અને ૩ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



## શહેર-જિલ્લામાં કોરોનાના ૫ નવા કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ અને ગાંધીનગર શહેરમાં બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર ચાલી રહ્યો છે તેથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાથી તંત્રએ રાહત અનુભવી છે.

ગાંધીનગર તાલુકામાં આજે ત્રણ કેસ નોંધાયા છે. તાલુકાના ઉવારસદ, અડાલજ અને જાખોરામાં આ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા દ્વારા પાલજ માટે મુસદારૂપ નગર રચના યોજના નં -૩૨ તૈયાર કરાઈ

**નવી સ્કીમમાં પાલજના ગામતળથી ઉત્તર, પુર્વ અને પશ્ચિમ તરફની જમીનનો વિસ્તાર આવરી લેવાયો છે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર સહીત આસપાસના વિસ્તારમાં વિકાસની પ્રક્રીયા તેજ બનાવવા માટે નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે. સ્માર્ટ બનવા તરફ આગળ વધતા શહેર સાથે આસપાસના વિસ્તારમાં પણ વિકાસની ગતિ વધે તે માટે નવી નગર રચના યોજના પણ તૈયાર કરવામાં આવી રહી છે ગુડા દ્વારા પાલજ વિસ્તાર માટે નગર રચના નં -૩૨ તૈયાર કરવામાં આવી છે. આ સ્કીમને નગર નિયોજક કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ આગળની પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પાલજ વિસ્તાર માટે નગર રચના નં -૩૨ તૈયાર કરવામાં આવી છે. શહેરી વિકાસ વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર નવી યોજના પ્રમાણે પાલજના ગામતળથી ઉત્તર , પુર્વ અને પશ્ચિમ તરફનો જમીન વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. ગુડા દ્વારા અગાઉ તૈયાર કરાયેલી ટી પી સ્કીમ નંબર ૨૫ માં પાલજ, બાસણ, લવારપુર અને શાહપુરના વિસ્તારનો સમાવેશ કરાયો છે. જયારે નવી ટી પી સ્કીમનુ પ્રમાણિત ક્ષેત્રફળ ૪૭.૯૩ હેકટર રહેશે. આ મુસદ્દારૂપ નગર રચનાને મંજુરી માટે સરકારમાં મોકલી દેવામાં આવી છે. ગુડાનો મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ થઈ જતા કામગીરી અને આવકને અનુલક્ષી ગુડાએ નવતર આયોજન તરફ ડગ માંડયા છે. જયારે આ દિશામાં ગુડાનુ તંત્ર વધુ ગતિવિધિ સાથે આગળ વધી રહ્યુ છે. ટુંકા સમયમાં જ આ ત્રીજી નવી મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવામાં આવી છે. જયારે આ વિસ્તારમાં ટી પી સ્કીમને તૈયાર કરવામાં આવે તો એપ્રોચ પણ મળશે. જયારે આ વિસ્તારનો આયોજનબધ્ધ વિકાસ પણ થશે. આ આયોજનને અનુલક્ષી ૪૭.૯૩ હેકટર વિસ્તારને માપણી હેઠળ આવરી લેવાની પ્રક્રીયા સાથે નવી નગર રચના યોજના સંદર્ભે હદ પણ નિયત કરવામાં આવી છે. જેમાં પુર્વ વિસ્તારમાં પાલજના પ્રાઈમ એગ્રીકલ્ચર ઝોનની જમીનનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત પશ્ચિમ છેડામાં ગાંધીનગર કોર્પોરેશનની હદ છે. જયારે ટી પી સ્કીમ નં ૨૫ માં પાલજ , બાસણ ,લવારપુર, અને શાહપુર ગામ સહીત આસપાસના વિસ્તારનો પણ સમાવેશે કરાયો છે. આ ટી પી નો સમગ્ર વિસ્તાર સરકાર દ્વારા અગાઉ જાહેર કરાયેલા ઈન્સ્ટિટયુશનલ ઝોનમાં આવે છે.જયારે જે નવી મુસદ્દારૂપ નગર યોજના ૩૨ તૈયાર કરવામાં આવી છે તેમાં માત્ર પાલજ ગામનો બાકી રહેતો વિસ્તાર છે. જયારે આ સમગ્ર વિસ્તાર ઈન્સ્ટિટ્યુશનલ ઝોનમાં જ આવી જાય છે. આ સ્કીમને નગર નિયોજક દ્વારા મંજુરી અપાયા બાદ આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.



વિધાનસભાની અંતર ભલે સત્તાની સાઠમારીના વરવા દશ્યો સર્જાય છે પરંતુ વિધાનસભા પરિસર અને તેની સામે આવેલ બગીચાના દશ્યો ખૂબ જ મનમોહક લાગી રહ્યા છે. ખુબ જ સુંદર રીતે માવજત પામેલ બગીચામાં હાલ ફુલ ખીલી ઉઠયા છે. હારબંધ છોડવાઓના ખીલેલ ફૂલો ખુબ જ સુંદર લાગી રહ્યા છે. અનેક રંગના પુષ્પોથી મહેંકી ઉઠેલ આ બગીચો જોઈને મન ખુશખુશાલ થઈ જાય છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૫૮ કેસ

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં કોરોના ધીમે ધીમે ખમૈયા કરતો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં કોરોનાના નવા ૫૮ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૧૨ દર્દીઓ રિકવર પણ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ કોરોનાને ૧૨,૧૧,૮૧૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૫ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૮૨,૩૨૬ રસીના ડોઝ આપવામાં આવી ચુક્યાં છે. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૬૬૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૬૫૭ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૧૨૧૧૮૧૮ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦૯૩૮ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. રાહતના સમાચાર છે કે, કોરોનાને કારણે આજે એક પણ મોત નથી થયું.

# શહેરમાં ગરમીનો પારો દોઢ ડીગ્રી ઉંચકાયો : ભેજ વધતા ઉકળાટનુ પ્રમાણ વધ્યુ

**છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણના લીધે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા બપોરે ઉકળાટ : લઘુત્તમ તાપમાન ૨૦ ડીગ્રીને પાર ઠંડી અદ્રશ્ય થતા ગરમીની અસર વધી**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં હવે ધીમે ધીમે ઉનાળાની મોસમ નિખરી રહી છે. વાતાવરણમાં ઠંડી અદ્રશ્ય થવાની સાથે ગરમીનુ જોર વધી રહ્યુ છે. છેલ્લા બે દિવસના વાદળિયા વાતાવરણના લીધે ભેજનુ પ્રમાણ વધતા દિવસે આકરા તાપ વચ્ચે નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા છે. ઠંડીનો પારો આજે ૨૦ ડીગ્રીએ આવી જવાની સાથે ગરમી પણ દોઢ ડીગ્ર વધી છે. મહત્તમ તાપમાન ૩૫.૬ ડીગ્રી રહ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસમાં ન્યુન્નતમ તાપમાનમાં ૭ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો છે. અલબત્ત ઠંડીના બદલે હવે ગરમીનુ જોર વધી રહ્યુ છે.

ગાંધીનગરમાં હવે ઉનાળાની ગરમી આકરી બનતી જાય છે. છેલ્લા દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૭ ડીગ્રીનો તફાવત જોવા મળી રહ્યો છે.ત્રણ દિવસ અગાઉ ન્યુન્નતમ તાપમાનનો પારો ૧૩ ડીગ્રીએ હતો જયારે આજે લઘુત્તમ તાપમાન ૨૦.૨ ડીગ્રીએ પહોંચી ગયુ છે. જયારે મહત્તમ તાપમાનમાં પણ છેલ્લા ત્રણ દિવસમાં દોઢ ડીગ્રીનો વધારો થયો છે. જેના લીધે વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધ્યુ છે. દિવસનો તાપ વધુ આકરો બન્યો છે જયારે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધતા નગરજનો તાપ વચ્ચે બપોરના સમયે ઉકળાટ પણ અનુભવી રહ્યા છે. છેલ્લા બે દિવસના વાદળિયા વાતાવરણના લીધે મોસમો મિજાજ બદલાયો છે. જેના લીધે વાતાવરણ પલ્ટાની હળવી અસર વચ્ચે ગરમીની મોસમમાં આકાશોમાં વાદળોની અવરજવર જોવા મળે છે. જો કે અમદાવાદ સહીત કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પણ વરસ્યુ હતુ. આજે પણ શહેરમાં મોસમનો મિજાજ બદલાયેલો રહ્યો હતો. ઠંડીનો પારો ૨૦ ડીગ્રીને પાર થઈ જતા ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. જયારે દિવસનો તાપ પણ આકરો બની રહ્યો છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૬૪ ટકા અને સાંજે ૩૫ ટકા રહ્યુ હતુ જયારે બે દિવસની સાપેક્ષમાં ભેજનુ પ્રમાણ બેવડાયુ છે. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે એકબાજુ ભેજ વધ્યો છે.

જયારે ગરમીનો પારો પણ આજે દોઢ ડીગ્રીના વધારા સાથે ૩૫.૬ ડીગ્રીએ પહોંચી જતા દિવસનો તાપ આકરો બન્યો છે. રાત્રિના સમયે પણ ગરમી અનુભવાય છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી સુધી પહોંચી જશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાવી રહ્યા છે. શિયાળાએ વિદાય લઈ લીધી છે ત્યારે હવે આકરી ગરમી સહન કરવા માટે નગરજનોએ તૈયાર રહેવુ પડશે મોસમનો મિજાજ જોતા ગરમી પણ આ વખતે ઠંડીની જેમ રેકર્ડબ્રેક રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજી. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૯, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com